પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮ | ૨૦ માર્ચ, ૨૦૨૨, રવિવાર; ફાગણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રશિયાનો હાઈપર સોનિક મિસાઈલથી હુમલો

**યુક્રેનના દારૂગોળાનો ડેપો ઊડાવી દીધો : યુક્રેનની કેટલીક જાહેરાતો બાદ યુદ્ધ સમાપ્ત થવાની અટકળો ખોટી પડી : યુક્રેનના દક્ષિણમાં આવેલા શહેર ઝાપોરિઝિન્ઝિઆમાં રશિયાના તોપમારામાં નવ લોકોનાં મોત થયા, શહેરમાં ૩૬ કલાકનો કરફ્યૂ જાહેર કરી દેવાયા**



મોસ્કો, તા.૧૯

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખે તાજેતરમાં જ કરેલી કેટલીક જાહેરાતો બાદ રશિયા સામે ચાલી રહેલું યુદ્ધ ગમે ત્યારે સમાપ્ત થશે તેવી અટકળો ખોટી પડી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રશિયાએ પોતાના હુમલાઓની તીવ્રતા વધારી છે, અને યુક્રેનના લશ્કરી થાણાં તેમજ શસ્ત્ર સરંજામને તબાહ કરવા માટે વ્યાપક હુમલા શરુ કર્યા છે. રશિયન ન્યૂઝ એજન્સી ઈન્ટરફેક્સના જણાવ્યા અનુસાર, રશિયાએ હવે હાઈપર સોનિક મિસાઈલથી અટેક શરુ કર્યો છે. યુક્રેનના દક્ષિણમાં આવેલા શહેર ઝાપોરિઝિન્ઝિઆમાં તોપમારામાં નવ લોકોનાં મોત થયા છે જે બાદ અહીં ૩૬ કલાકનો કરફ્યૂ જાહેર કરી દેવાયો છે. રશિયાના સંરક્ષણ મંત્રીએ શનિવારે જણાવ્યું હતું કે રશિયાએ યુક્રેનના ઈવાનો-ફ્રાન્કિવ્સક પ્રાંતમાં આવેલા એક વિશાળ અંડરગ્રાઉન્ડ ડેપોને ઉડાવી માર્યો છે, જેમાં યુક્રેને વિશાળ માત્રામાં દારુગોળાનો સંગ્રહ કર્યો હતો. હાઈપરસોનિક મિસાઈલ દ્વારા કરાયેલા હુમલામાં યુક્રેનની મિસાઈલો ઉપરાંત હવાઈ હુમલા કરવા માટે રખાયેલા દારુગોળાનો

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં ચોથી લહેર આવશે પરંતુ હમણાં નહિ

**અત્યારે ગભરાવવાની જરૂર નથી : ભારતમાં કોરોનાની ચોથી લહેર બાબતે નિષ્ણાંતોએ વ્યક્ત કરી આશંકા : લોકોને સલાહ આપી છે કે માસ્ક પહેરીને રાખો**

મુંબઈ,તા.૧૯

અમુક દેશોમાં કોરોનાએ ફરીથી માથુ ઉંચક્યું છે. દક્ષિણ કોરિયાની વાત કરીએ તો અહીં ઓમિક્રોનના સબ-વેરિયન્ટ બ્૭૨ને કારણે એક દિવસમાં છ લાખ જેટલા નવા કેસ નોંધાય છે. યુકે સહિતના યૂરોપના અન્ય દેશોમાં પણ કોરોનાના કેસ વધી રહ્યા છે. પરંતુ જો ભારતની વાત કરીએ તો અહીંના નિષ્ણાંતોનું અનુમાન છે કે દેશમાં કોરોનાની ચોથી લહેર અત્યારે નહીં આવે. નિષ્ણાંતો આ અનુમાન ડિસેમ્બર ૨૦૨૧ અને ફેબ્રુઆરી ૨૦૨૨ દરમિયાન આવેલી કોરોનાની ત્રીજી લહેર દરમિયાન દેશવાસીઓની ઈમ્યુનિટીમાં થયેલા વધારા અને મોટા ભાગના રાજ્યોમાં મોટાપાયે થયેલા રસીકરણ અભિયાનને કારણે લગાવી રહ્યા છે. મહારાષ્ટ્રની રાજ્ય સરકારના ટેક્નિકલ સલાહકાર તેમજ પૂર્વ સ્ટેટ ડિરેક્ટર જનરલ ડોક્ટર સુભાષ સાલુનકે જણાવે છે કે, વિશ્વના બાકીના દેશોની જેમ ચોથી લહેર અત્યારે જ શરુ થઈ જશે તેમ કહી ન શકાય. ચોથી લહેર આવશે પરંતુ અત્યારે કહી નથી શકતા કે તે ક્યારે આવશે અને તેની ગંભીરતા કેટલી હશે. ઉલ્લેખનીય છે કે ઓમિક્રોન વેરિયન્ટ ના ૫૦થી વધારે નવા મ્યુટેશન છે જેના કારણે દુનિયાભરમાં ચિંતા વધી છે. ઓમિક્રોનની ઓળખ સૌથી પહેલા નવેમ્બર, ૨૦૨૧માં દક્ષિણ આફ્રિકામાં થઈ હતી. થોડા જ સમયમાં જાણવા મળ્યુ હતું કે આ વેરિયન્ટ ભલે ઝડપથી ફેલાય છે પરંતુ તેનો મૃત્યુદર પણ ઓછો છે અને દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાની પણ ભાગ્યે જ જરૂર પડે છે.

નિષ્ણાંતોનું માનવું છે કે રસીકરણને કારણે ઓમિક્રોન લોકોને વધારે નુકસાન નથી પહોંચાડી શક્યો. ઉલ્લેખનીય છે કે ભારતમાં મુંબઈ ઓમિક્રોનનું પ્રથમ હોટસ્પોટ હતું. મહારાષ્ટ્ર સરકારની કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના સભ્ય ડોક્ટર શશાંક જોશી જણાવે છે કે, જીનોમ સિક્વન્સિંગની મદદથી અમે જાણ્યું કે ત્રીજી લહેરની શરુઆત થઈ ત્યારથી જ ઓમિક્રોનના બન્ને વેરિયન્ટ્સ બ્૭૧ અને બ્૭૨નું સર્ક્યુલેશન ચાલુ હતું. ભારતમાં તાત્કાલિક ધોરણે કોરોનાની લહેર શરુ થાય તેનો કોઈ ભય નથી. ઈઝરાયલમાં જે નવો વેરિયન્ટ સામે આવ્યો છે તેને હજી ચિંતાજનક વેરિયન્ટ જાહેર કરવામાં નથી આવ્યો. માટે ગભરાવવાની કોઈ જરૂર નથી. પરંતુ આપણે માસ્ક પહેરવાનું બંધ નથી કરવાનું.

# ગુજરાતમાં ચૂંટણી વહેલા આવે છે

**ચૂંટણી પહેલા મોટી ઉથલપાથલના ભણકારા : કોંગ્રેસમાં ભંગાણની આશંકા**

નવી દિલ્હી,તા.૧૯

પાંચ રાજ્યોમાં કારમી હાર પછી પાર્ટીમાં ઘમાસાણ મચ્યું છે. જી-૨૩ ગ્રુપના નેતા સતત પાર્ટીના ખરાબ પ્રદર્શનને લઈને સવાલ ઊભા કરી રહ્યા છે. તો હવે ગુજરાત કોંગ્રેસની અંદર પણ ભંગાણ પડવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. વર્ષના અંતમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને એ પહેલા રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતના સલાહકાર અને સિરોહીના ધારાસભ્ય સંયમ લોઢાએ ગુજરાત કોંગ્રેસમાં ભંગાણની આશંકા વ્યક્ત કરી છે. લોઢાએ એક ટ્વિટ કરતા લખ્યું કે, ભાજપ કોંગ્રેસના ૧૦ ધારાસભ્યો પર નજર રાખીને બેઠો છે. ગુજરાતમાં પહેલા પણ કોંગ્રેસના ધારાસભ્ય ભાજપમાં સામેલ થઈ ચૂક્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય તેમજ મુખ્યમત્રીના સલાહકાર સંયમ લોઢાએ ટ્વીટમાં લખ્યું કે, 'ભાજપ કોંગ્રેસના ૧૦ ધારાસભ્યો પર નજર રાખીને બેઠો છે. સ્વસ્થ રહો, સતર્ક રહો.' લોઢાએ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને પણ ટેગ કર્યા છે. સંયમ લોઢાએ કહ્યું કે, તમણે આ વાત ગુજરાત કોંગ્રેસ પ્રભારી રઘુ શર્માને પણ જણાવી છે. ગુજરાતની ચૂંટણી કોંગ્રેસ પાર્ટી માટે ઘણી રીતે ખાસ છે. પાંચ રાજ્યોમાં હાર પછી

● અનુસંધાન પાન-૭ પર

# યોગી ૨૫ માર્ચે લઈ શકે છે યુપી મુખ્યમંત્રી પદના શપથ

**શપથ ગ્રહણ સમારોહમાં મોદી, શાહ પણ હાજર રહેશે : ૩૭ વર્ષ બાદ પહેલીવાર કોઈ પાર્ટી સતત બીજીવાર યુપીમાં સરકાર બનાવશે**

લખનઉ,તા.૧૯

યોગી આદિત્યનાથના શપથ ગ્રહણ સમારોહની તારીખ આવી ગઈ છે. ૨૫ માર્ચે યોગી આદિત્યનાથના શપથ ગ્રહણ સમારોહનો ઉલ્લેખ કર્યો. તેમણે પોતાના ટ્વિટમાં જણાવ્યું કે યોગી સાંજે ૪ વાગ્યે યુપીના સીએમ તરીકે શપથ લેશે. પાંચ વર્ષના સફળ કાર્યકાળ બાદ યુપીમાં સત્તામાં વાપસી કરીને ૩૭ વર્ષ જૂની માન્યતાને તોડીને ભાજપ માટે ઈતિહાસ રચનાર સીએમ યોગી આદિત્યનાથના નેતૃત્વમાં બીજેપી સરકારનો બીજો શપથ ગ્રહણ સમારોહ યોજાશે. આ સમારોહ ૨૫ માર્ચેના શહીદ પથ ખાતે આવેલા ઈકાના સ્ટેડિયમમાં યોજાઈ શકે છે. શપથ ગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સાથે અન્ય મંત્રીઓ પણ શપથ લેશે. કેબિનેટમાં મહિલાઓ અને યુવાનો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. બપોરે શપથ ગ્રહણ સમારોહ યોજાશે. મળેલી માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્ર સરકારના ઘણા મંત્રીઓ, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય અને ભાજપના વરિષ્ઠ નેતાઓ શપથ ગ્રહણમાં હાજરી આપશે.

# રશિયા પાસેથી સસ્તુ ઓઈલ ખરીદવાની તૈયારીમાં ભારત

**ઈન્ડિયન ઓઈલે ખરીદ્યુ ૩૦ લાખ બેરલ ક્રૂડ ઓઈલ : ભારત પ્રતિસ્પર્ધી ઉર્જા સ્ત્રોત પર ધ્યાન કેન્દ્રિત કરતું રહેશે તમામ ઉત્પાદકોના આવા પ્રસ્તાવોનું સ્વાગત કરીએ છીએ**

નવી દિલ્હી,તા.૧૯

ભારતના કાયદેસર રીતે ઉર્જા ખરીદવાના મુદ્દાનું રાજનીતિકરણ થવું જોઈએ નહીં અને જે દેશ ઓઈલ મામલે આત્મનિર્ભર છે કે જે પોતે રશિયાથી ઓઈલ આયાત કરે છે તેઓ પ્રતિબંધાત્મક વેપારની વકિલાત કરી શકે નહીં. સરકારી સૂત્રોના જણાવ્યાં મુજબ ભારત પ્રતિસ્પર્ધી ઉર્જા સ્ત્રોતો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને તેણે તમામ ઓઈલ ઉત્પાદકોની રજૂઆતનું સ્વાગત કર્યું છે. ભૂ રાજનૈતિક ઘટનાક્રમે દેશની ઉર્જા સુરક્ષા પર મોટો પડકાર રજૂ કર્યો છે. જો કે ભારતના એ વલણની ટીકા કરવામાં આવી છે કે તેણે રશિયા પાસેથી ડિસ્કાઉન્ટ ભાવે ક્રૂડ ઓઈલની ખરીદીના રસ્તા ખુલ્લા રાખ્યા છે. ત્યારબાદ હવે આ ટિપ્પણી આવી છે. રશિયાએ ગત સપ્તાહના અંતમાં યુક્રેન પર સૈન્ય કાર્યવાહીના જવાબમાં રશિયન ઓઈલ અને ગેસની આયાત પર

● અનુસંધાન પાન-૭ પર

**અરજન્ટ સ્ટાફ - વોક ઈન ઈન્ટરવ્યુ**

તારીખ : ૨૨-૦૩-૨૦૨૨, સમય ૧૧:૦૦ થી ૫:૦૦

- સીવીલ એન્જીનીયર : ૨ થી ૫ વર્ષના અનુભવી
- એકાઉન્ટ ઓફિસર : ૨ થી ૩ વર્ષના ટેલીના જાણકાર
- સેલ્સ ઓફિસર : ૧ થી ૩ વર્ષના અનુભવી
- પરચેઝ ઓફિસર : ૧ થી ૩ વર્ષના અનુભવી

કુડાસણ, ગાંધીનગરમાં નવા રેસીડેન્સીયલ પ્રોજેક્ટ માટે ડેવલપર ઓફીસમાં જરૂર છે

Mail your CV on info@skrmadhav.com or WhatsApp on 8511134949

B-606, Vrundavan Trade Centre, Opp. Kanam Greens & Farm, Kudasan, Gandhinagar. 382421

**ઓર્ગેનીક ફાર્મીંગ એન્ડ કન્સલ્ટન્સીંગ**



ઓર્ગેનીક કિચન ગાર્ડન એન્ડ ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરી આપવામાં આવશે.

કાચી ઘાણીનું ઓર્ગેનિક મગફળીનું તેલ મળશે.

ઓર્ગેનિક પ્રોડક્ટ્સ મેળવવા માટે કોન્ટેક્ટ કરો

70969 55791

સ્થળ : સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર

ઓર્ગેનિક ઘઉં માટેનું બુકીંગ ચાલુ છે




વોટર સીટી વોટરપાર્ક (પામ ગ્રીન કલબ)

સંચાલન કરનાર : યશસ્વી પ્લેઝર ઓરબીટ પ્રા. લિ.

સરનામું : ગોબલેઝ, અમદાવાદ-ખેડા હાઈવે, બારેજા પાસે, ડી. ખેડા. ગુજરાત

મો.: ૯૭૨૭૦ ૧૯૮૮૭/૯૯૦૯૯ ૮૫૦૨૪/૯૪૨૬૭ ૨૫૧૫૦

ઈ-મેલ : yashasavipleasureorbit@gmail.com




# ઈસ્કોન મંદિર પર ૨૦૦થી વધુ લોકોએ કર્યો હુમલો

ઢાકા,તા.૧૯

બાંગ્લાદેશની સરકારના હિન્દુ લઘુમતીની સુરક્ષાના તમામ વચનોની પોલ ફરી એકવાર ખુલી ગઈ છે. બાંગ્લાદેશની રાજધાની ઢાકાના એક મંદિરને ગુરુવારે કટ્ટરપંથીઓએ નિશાન બનાવ્યું. કટ્ટરપંથીઓએ મંદિરમાં તોડફોડ અને લૂટફાટ કરી. આ દરમિયાન અનેક લોકો ઘાયલ થયા હોવાના પણ સમાચાર છે. મળતી માહિતી મુજબ હાજી શફીઉલ્લાહના નેતૃત્વમાં ૨૦૦થી વધુ લોકોએ ગઈ કાલે સાંજે લગભગ ૭ વાગે ઢાકાના વારીમાં ૨૨૨ લાલ મોહન સાહા સ્ટ્રીટ પર ઈસ્કોન રાધાકાંત મંદિર પર હુમલો કર્યો. તોડફોડ કરી અને લૂટફાટ કરી. આ હુમલામાં અનેક હિન્દુઓ ઘાયલ થયાના સમાચાર છે.

**પ્રાઈમ જમીન વેચાણ આપવાની છે**

જાખોરા, ચિલોડા - સાદરા હાઈવે

9 વીઘા ખેતીલાયક જુની શરત ની તથા ફાર્મ હાઉસ સ્કીમ માટે મોકાની જગ્યા.

રોડ ટચ, પાણી, ઈલક્ટ્રીક, R.C.C કમ્પાઉન્ડ વોલ સાથે.

ટાઈટલ ક્લીયર.

સંપર્ક કરો : 97121 16963




ગીર ગાયનું A2 દૂધ અને ઘી

ભેંસનું 100% શુદ્ધ દૂધ ઉપલબ્ધ છે

શુદ્ધતા અને સ્વાસ્થ્ય નું નજરાણું

- માત્ર કાચની બોટલમાં જ ડિલિવરી
- ગીર ગાય નું A2 પ્રોટીનયુક્ત દૂધ
- કુદરતી રોગ પ્રગતિકારક શકિત વર્ધક
- ગીર ગાયનું દૂધ અને ઘી 100 થી વધારે બીમારીમાં ફાયદાકારક છે
- ઓમેગા 3/6 યુક્ત
- પરંપરાગત પદ્ધતિથી દોહન
- વિટામીન A/D યુક્ત
- પ્રોટીન થી ભરપુર

શ્રી રામ ગીર ગૌશાળા

માસ્ટર ફાર્મ, ધરતી નર્સરી પાસે, વૈષ્ણવદેવી સર્કલ, લીલાપુર, અમદાવાદ.

સંપર્ક : +91 92652 12811 | +91 98989 80064

નોધ: એપોમેન્ટ લઇ ગૌ શાળા ની મુલાકાત લેવી